ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા તા.૧૦/૦૨/૨૦૨૩ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે મેયરશ્રી હિતેશકુમાર પૂનમભાઇ મકવાણાના અધ્યક્ષપણા હેઠળ મળી તેના ઠરાવની નકલ

| વિષય | દરખાસ્ત તથા સુધારો | | મત આપવામાં આવ્યો તે | | ઠરાવ | | તે જ વિષય ઉપર થયેલા ઠરાવના અંક તથા તારીખ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | નામ<br>૧. દરખાસ્ત કરનારનું<br>૨. અનુમોદન આપનાર | દરખાસ્ત કે સુધારો આવ્યો તે | તરફેણમાં | વિરૂધ્ધમાં | અનુક્રમ અંક તથા તારીખ | મતલબ | છેવટનો પાછલો ઠરાવ | આગળનો હવે પછી ઠરાવ થાય તે |
| **વિષય નંબર - ૯:**<br>ગાંધીનગર મહાનગરપાલિકા હદ વિસ્તારના રહેણાંક તથા બિનરહેણાંક મિલકતના મિલકતવેરામાં નામ ટ્રાન્સફર ફીનું નવું માળખું લાગુ કરવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણને મંજુરી આપવા બાબત. (સ્થાયી સમિતિ ઠરાવ અંક: ૨૭૨,તા.૨૧/૦૧/૨૦૨૩થી મંજુર.) | ૧. પ્રેમલતાબેન મહેરીયા<br>૨. રાજેશકુમાર પટેલ | કામના કાગળો જોયાં, ચર્ચા વિચારણા કરી,<br>ગાંધીનગર મહાનગરપાલિકા હદ વિસ્તારના રહેણાંક તથા બિનરહેણાંક મિલકતના મિલકતવેરામાં નામ ટ્રાન્સફર ફીનું નવું માળખું લાગુ કરવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણને સ્થાયી સમિતિના ઠરાવ અંક ૨૭૨,તા.૨૧/૦૧/૨૦૨૩થી મંજુર થયેલ ઠરાવને સામાન્ય સભા દ્વારા મંજુરી આપવામાં આવે છે. | ૩૪ | - | ૫૮<br>....................<br>૧૦/૦૨/૨૦૨૩ | સ.મતે મંજુર | | |

ખરી નકલ

T.S. Trivedi

ઈ.ચા.મ્યુનિસિપલ સેક્રેટરી

ગાંધીનગર મહાનગરપાલિકા

## ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની મીટીંગ તા.૨૧/૦૧/૨૦૨૩ ના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે શ્રી જશવંતલાલ પટેલના અધ્યક્ષપણા હેઠળ મળી તેના ઠરાવની નકલ

| વિષય | દરખાસ્ત તથા સુધારો | | મત આપવામાં આવ્યો તે | | ઠરાવ | | તે જ વિષય ઉપર થયેલા ઠરાવના અંક તથા તારીખ | |
|---|---|---|---|---|---|---|---|---|
| | નામ<br>૧. દરખાસ્ત કરનારનું<br>૨. અનુમોદન આપનાર | દરખાસ્ત કે સુધારો આવ્યો તે | તરફેણમાં | વિરૂધ્ધમાં | અનુક્રમ અંક તથા તારીખ | મતલબ | છેવટનો પાછલો ઠરાવ | આગળનો હવે પછી ઠરાવ થાય તે |
| **વિષય નંબર–૧૩**<br><br>ગાંધીનગર મહાનગરપાલિકા હદ વિસ્તારના રહેણાંક તથા બિનરહેણાંક મિલકતના મિલકતવેરામાં નામ ટ્રાન્સફર ફીનું નવું માળખું લાગુ કરવા અંગે કમિશનરશ્રી તરફથી આવેલ ભલામણને મંજુરી આપવા બાબત. | ૧. શ્રી રાજેશકુમાર પટેલ<br>૨. શ્રી અંજનાબેન મહેતા<br>૩. શ્રી દિપ્તીબેન પટેલ<br>૪. શ્રી સોનાલીબેન પટેલ<br>૫. શ્રી દક્ષાબેન મકવાણા<br>૬. શ્રી કિંજલકુમાર પટેલ<br>૭. શ્રી પદમસિંહ ચૌહાણ<br>૮. શ્રી સોનલબા વાઘેલા<br>૯. શ્રી સંકેત પંચાસરા<br>૧૦. શ્રી શૈલેષકુમાર પટેલ<br>૧૧. શ્રી મહેન્દ્રભાઇ પટેલ | ગાંધીનગર મહાનગરપાલિકા હદ વિસ્તારમાં મિલકતવેરાના બીલોમાં નામ ટ્રાન્સફરની ફી વસુલવા અંગેની દરખાસ્ત તા. ૧૦/૧૨/૨૦૨૧ના રોજ કરેલ અને જેમાં સ્થાયી સમિતિના ઠરાવ નં ૧૯, તા. ૨૮/૧૨/૨૦૨૧ તથા સામાન્ય સભાના ઠરાવ નં ૧૫, તા. ૨૧/૦૪/૨૦૨૨થી મંજૂરી મળેલ છે. જે અનવ્યે અત્રેની કચેરીના પત્ર ક્રમાંકઃ ગા.મ.ન.પા/ મિલકતવેરા શાખા/ફા.ન -૧૪૩/૧૨૧૨૭/૨૦૨૨ તા.૧૫/૦૬/૨૦૨૨ના રોજ થી અમલી થયેલ છે. જેમાં રહેણાંક મિલકતોના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ/વેચાણ કરારની કિંમતના ૦.૦૨૫%- લેખે તથા બિન રહેણાંક મિલકતોના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ /વેચાણ કરારની કિંમતના ૦.૦૫૦% લેખે નામ ટ્રાન્સફર ફી વસુલવામાં આવે છે. તા. ૧૫/૦૬/૨૦૨૨ થી તા. ૧૯/૧૨/૨૦૨૨ સુધી નામ ટ્રાન્સફરની કુલ ૨૦૩ અરજીઓ આવેલ છે અને રકમ રૂપિયા ૨,૯૦,૦૩૬/-ની વસુલાત થયેલ છે. | ૧૨ | - | ૨૭૨<br>૨૧/૦૧/૨૦૨૩ | સ.મતે મંજુર | | |

ખરી નકલ

ડેપ્યુ.મ્યુનિસિપલ સેક્રેટરી
ગાંધીનગર મહાનગરપાલિકા

ગાંધીનગર મહાનગરપાલિકાના મિલકતવેરા બીલોમાં નામ ટ્રાન્સફર ફીના દરોની ગાણિતિક ગણતરી જટિલ છે. જેથી શહેરના તમામ નાગરીકોને સરળતાથી સમજી શકે અને જાતે ગણતરી કરી શકે તેમજ ફીની રકમ રાઉન્ડીંગ કરી શકાય તે હેતુથી રહેણાંક મિલકતો માટે તથા બિન રહેણાંક મિલકતો માટે નીચે મુજબ સ્લેબ વાઈઝ નામ ટ્રાન્સફર ફીમાં સૂચિત ફેરફાર કરી શકાય.

- <u>રહેણાંક મિલકતો માટે સૂચિત દર:-</u>

(ટેબલ A)

| રજીસ્ટર્ડ દસ્તાવેજની કિંમત (રૂપિયામાં) | રૂ. ૨૫,૦૦,૦૦૦/- સુધી | રૂ.૨૫,૦૦,૦૦૧/- થી રૂ.૫૦,૦૦,૦૦૦/- સુધી | રૂ. ૫૦,૦૦,૦૦૧/- થી રૂ. ૧,૫૦,૦૦,૦૦૦/- સુધી | રૂ. ૧,૫૦,૦૦,૦૦૧/- થી વધુ |
|---|---|---|---|---|
| નામ ટ્રાન્સફર ફી (રૂપિયામાં) | રૂ. ૧,૦૦૦/- | રૂ. ૨,૦૦૦/- | ૦.૧% (રજી. દસ્તાવેજની કિંમત ) | ૦.૨% (રજી. દસ્તાવેજની કિંમત ) |

- <u>બિન રહેણાંક મિલકતો માટે સૂચિત દર:-</u>

(ટેબલ B)

| રજીસ્ટર્ડ દસ્તાવેજની કિંમત (રૂપિયામાં) | રૂ. ૨૫,૦૦,૦૦૦/- સુધી | રૂ.૨૫,૦૦,૦૦૧/- થી રૂ.૫૦,૦૦,૦૦૦/- સુધી | રૂ. ૫૦,૦૦,૦૦૧/- થી રૂ.૧,૫૦,૦૦,૦૦૦/- સુધી | રૂ. ૧,૫૦,૦૦,૦૦૧/- થી વધુ |
|---|---|---|---|---|
| નામ ટ્રાન્સફર ફી (રૂપિયામાં) | રૂ. ૨,૦૦૦/- | રૂ. ૪,૦૦૦/- | ૦.૨% (રજી. દસ્તાવેજની કિંમત ) | ૦.૪% (રજી. દસ્તાવેજની કિંમત ) |

ઉપરોકત ટેબલ "A" તથા ટેબલ "B" માં દર્શાવેલ સૂચિત નામ ટ્રાન્સફર ફીમાં ફેરફાર કરતા રૂપિયા ૫૦,૦૦,૦૦૦/- સુધીના રહેણાંક અને બિન રહેણાંક મિલકતોના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ/ વેચાણ કરારની નામ ટ્રાન્સફર ફીમાં ખાસ ફેરફાર થતો નથી તથા અતિ સમૃદ્ધ વર્ગના શહેરીજનોને હાલના દરો કરતા સૂચિત દરો મુજબ નામ ટ્રાન્સફર ફીનું માળખું લાગુ કરવામાં આવે તો સામાન્ય વધારો થાય છે. જેથી મિલકતવેરામાં નામ ટ્રાન્સફર ફીનું નવું માળખું લાગુ કરવા કમિશનરશ્રીની ભલામણને મંજુરી આપવાનું ઠરાવવામાં આવે છે.

પ્રસ્તુત કામ મંજુરી માટે સામાન્ય સભા તરફ સાદર કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧૨ | - | ૨૭૨<br>૨૧/૦૧/૨૦૨૩ | સ.મતે મંજુર |

ખરી નકલ

ઈ.ચા.મ્યુનિસિપલ સેક્રેટરી
ગાંધીનગર મહાનગરપાલિકા